શેઠ મણિલાલ રણછોડદાસનું

જીવન ચરિત્ર.

રચનાર તથા પ્રસિદ્ધ કરનાર,

કવિ શીવલાલ ખુશાલભાઇ બ્રહ્મભટ.

દુહો.

કાયા છોડી કીર્તિને, જગમાં મૂકી જાય;
સરસ રશમ સંસારમાં, લાયક જનની લખાય.

અમદાવાદઃ
"નિર્મળ" પ્રીંટીંગ પ્રેસ.

સંવત ૧૯૫૮. સન ૧૯૦૨.

કિંમત સવા આનો.

1902

શ્રીગોપીજન વલ્લભાય નમઃ

શેઠ મણિલાલ રણછોડદાસનુ
જીવન ચરિત્ર.

દોહરા.

વિસાર્યા વિસરે નહિ, બહાદુર બુદ્ધિ વિશાળ;
ઉમેદવાર ઉમરે ગયા, મણિજેવા મણિલાલ. ૧
અફસોસ આલમમાં હવો, કુડો જાણી કાળ;
અધેર૭ ઉમરે ઉપડ્યા, મણિ જેવાં મણિલાલ. ૨
સખાવતી સર્વોપરી, મર્તબાદાર મરાલ;
રૂડા રણછોડદાસના, મણિ જેવા મણિલાલ. ૩
કાર્યપ આદ્યેમાં કરી, નવિન મોટી નિશાળ;
સદ્કીરતી સારી વરી, મણિજેવા મણિલાલ. ૪
દુકાળમાં દુરબળ તણી, રૂડી રાખી સંભાળ;
પુણ્યશાળી હવા પુરમાં, મણિ જેવા મણિલાલ. ૫
સત્યતા રાખી સર્વદા, ચાલ્યા નહીં કુચાલ;
નેક દીલના નિરખિયા, મણિ જેવા મણિલાલ. ૬
દરસન કરતા દેવનાં, તીલકધરી સુભાલ;
સેવા કરતા શુદ્ધ મન, મણિ જેવા મણિલાલ. ૭
દાના દીલના દીપતા, પામરો પ્રતિપાલ;
પરોપકારી પરવર્યા, મણિ જેવા મણિલાલ. ૮
શુભ પુણ્ય ઘણાં કર્યા, કુડો પડયો જવ કાલ;
અન્ન વસ્ત્રાદી આપતા, મણિ જેવા મણિલાલ.
...કેસમા ઉદે થઈ, ...

અસ્ત હુવા આલમ થકી, મણિ જેવા મણિલાલ. ૧૦
મુનીમ તેમના મહામતી, બાહોશ બાપાલાલ;
પેઢીને પરિવારની, સઘળ રાખે સંભાળ. ૧૧
સુભશાન જોઇ સર્વને, વધુ ઉપજતું વહાલ:
યાદજ આવે હરઘડી, મણિ જેવા મણિલાલ. ૧૨
જીહોશી ઉદારતા, જગમાં જણાવિ જેહ;
ઓછાં માન ઓછાં વખાણ, લાયક નહિ નહિ તેહ. ૧
અલ્પ જીવનમાં અતિ કર્યા, પરોપકારી કામ;
કહી શકું નહિ કેટલાં, કરતજ ખરચી દામ; ૧૩
શોકજનક શિવરાજ છે, દાના દિલના દયાલ;
શર્મહજુર ગયા શેઠીઆ, મણિ જેવા મણિલાલ. ૧૪

શેઠ મણિલાલ રણછોડદાસે સેહેર ચોરાશી તથા તેમના દાદા હરગોવિંદદાસ કેવળદાસના કંઠીબંધા કર્યા તે વિશે.

દોહરા.

મુનિમ શેઠાણીઓ મળિ, દીલમાં આણી દાજ,
ચોરાશી કીધી ચિત્તથી, તેડી વિપ્ર સમાજ. ૧
પુણ્યાર્થે આ પુરની, અધિક ધરી ઉર હામ;
હઠિસંગની વાડીએ, ઉજવળ કીધું કામ. ૨
શોભાવ્યું નામ શેઠનું. મુનીમ મહામતિ ધીર;
પાટચે પધાર્યા પુરના, ઇજતદાર અમીર. ૩
મગસ કર્યો મન ભાવતો, દુણા ખરચી દામ;
સાક દાળ સારાં કર્યા, તાંદુળ આદે તમામ, ૪
... મોગે મરચો, દીપંતો દબાદાર;

ઉભય* જડજો આવિયા, મણીલાલના મીત્ર;
સદાચરણિને સાત્વકી, પરમ ઉપકારી પવિત્ર. ૬
ઉમદા શેઠ હઠિસંગના, જસ્વિ જેસંગભાઇ;
મશહુર માધવલાલના, ચતુરમણિ ચિનુભાઈ. ૭
ચમનભાઇ નમરશેઠના, સરવ શેઠનો સાથ;
ભુધર સુત ભડ પધારીઆ, સખાવતી સોમનાથ. ૮
આદ્યે ગૃહસ્થો આવિયા, દેસાઇભાઇ વકીલ.
ખરા દીલથી ખડાયતા, સર્વે હુતા સામીલ. ૯
સંતોષી સર્વે વદ્યા, વિપ્રો વડી આશીષ;
ગુણિયલ ગાદી ગૃહસ્થની, અચળ રહો અહોનીશ. ૧૦
ધારીના લાડુ કર્યા, કંડીબંધા કાજ;
જમાડિયા જુગતે કરી, તેડી વણિક સમાજ. ૧૧
ભલુ થાઓ ભાણેજનું, કહે કવિ શિવરાજ;
બાપાલાલે બહુ કરી, પુણ્યની બાંધી પાજ. ૧૨
ચોરાશીના શેઠિઆ, જાની ગોવિંદલાલ;
રાખે રામશંકર તણા, સદૈવથી સંભાળ. ૧૩

રાગ બનજારો.

" કયા ઇરકે પરીને મારા, " એ રાહ

શેઠ મણિલાલ મંગળકારા, ગયા ધવળ કીરતી ધરનારા. ટેક.
પરોપકારી સુપ્રભા પ્રકાસી, વિદૂ વદન વિશ્વમાં વિકાસીરે;
પ્રૌઢ પુણ્યોના કરનારા, ગયા ધવળ કીરતી ધરનારા. ૧
મંગળકારી મનોહર મુરતી, સદા શ્રીહરીમાં રાખી સુરતીરે.
વૈશ્નવ ધર્મ વડે વર્તનારા, ગયા. ૨
વિમળ વદન કમળના જેવું, મંદહાસ્ય અધરમાં એવુંરે.
સ્વભાવે સુમીલનહારા, ગયા. ૩

---

* રા. બા. લાલશંકરભાઇ

મૃદુવેણુ અમૃતમય એવાં, શોભતાં સુર ગુરના જેવાં રે;
જેવી જાન્હવીની જલધારા, ગયા ૪
સદૈવ નેન સુશીતળકારી, ધર્મ બુદ્ધિ સદા ઉર ધારી રે;
કુદષ્ટી કદી નહી કરનારા. ગયા. ૫
સહુને સલાહ સારી બતાવી, મોટા ટંટા દીધા પતાવી રે;
નીરાપક્ષે બહાદુર બોલનારા, ગયા. ૬
રૂડુ માન દેતા રાજ્ય દરબારી, મોટા મર્તબાદાર અધિકારીરે;
જાણી અનુભવી અપારા. ગયા. ૭
નામ ધર્યાનુ પણ રાખ્યું, દુનિયા માંહે દૈવત દાખ્યું રે;
પ્રોઢ પરોપકારક કરનારા, ગયા, ૮
કન્યાશાળા કોચરબમાં કરાવી, ચુનાગચ્છીથી મજબુત ચણાવીરે;
અભિયાસીને ઉત્તેજન આપનારા, ગયા. ૯
સિંધવાઇ માતામાં ધર્મશાળા કીધી અતિથીની આસીસો લીધીરે;
આરામ પામે તેમાં ઉતરનારા, ગયા. ૧૦
મુવાડીમાં કુવો કરાવી, ડાંકાર જનારની તૃષા છીપાવી રે;
હવા હરેકની પીડા હરનારા. ગયા. ૧૧
ધ્રવળ ધર્મશાળા કીધી સારી, જ્યાં ભીમનાથ ત્રીપુરારી રે;
વિરામ પામે તેમાં વસનારા, ગયા. ૧૨
આતરસુંબામાં લગબેરી સ્થાપી, વંચક વર્ગની અડચણો કાપીરે;
ખુબ દામ જેમાં ખર્ચનારા. ગયા. ૧૩
તોરણા મધ્યે કીધી લાયબ્રેરી, વાંચનાર આસીસ વદે ઘણેરીરે;
વડા વિદ્યા વૃદ્ધી કરનારા. ગયા. ૧૪
બાલાહનુમાનજી પાસે, કીધી લાયબ્રેરી ઉર હુલ્લાસે રે;
ખુશ ખલકને કરનારા. ગયા. ૧૫
અચળ રાખી આલમમાં યાદી, મોટી મેળવી મુબારકબાદી રે;
[illegible]લોસમ સુનીતી વર્તનારા, ગયા. ૧૭
[illegible]ની [illegible]માં રાખી મોટી મેહેરબાની રે

પ્રૌઢ પરોપકાર કરનારા, ગયા. ૧૮
સહૂ કીરતી તણા સોહાગી, ભૂમંડળે હવા ભવ્યભાગીરે;
લખે અધિપતિઓ લખનારા, ગયા. ૧૯
મર્તબાદાર મેંબર સ્થાપી, સારી આગરૂ સરકારે આપીરે;
રૂડા ચંગપોળ માંહે રહેનારા, ગયા. ૨૦
પુર્ષારથ વિણ પ્રેત સમાન, જીવન વદે છે વેદ પુરાણ રે;
કથની કથે કવિયો કથનારા, ગયા. ૨૧
મોહ માયા મિથ્યા જાણી, સદૈવ સેવ્યા સારંગ પાણીરે;
જાણી જુઠા આ જગપસારા, ગયા. ૨૨
શોકજનક છે શિવરાજ, ઘણી દેશની જાણનાર દાજરે;
મેદની માંહે નથી મળનારા. ગયા. ૨૩

શેઠ મણીલાલ વિરહ.

રાગ પરજ.

" કેરી સૈયર જેનો કંથડો, તેનાં પૂરણ પાપ; " એ રાગ.
શેઠ વસ્યા સ્વર્ગ લોકમાં, મણી જેવા મણીલાલ;
જેથી દલગીર દીલે દેશીઓ, કરૂણા સિંધુ કૃપાલ. શેઠ. ટેક.
રૂડા શેઠ રણછોડદાસના રે, પૂરણ પ્રતાપી પુત્ર;
ઉમેદવાર ઉમરે ગયા, સુનુ મુકી ઘરસુત્ર. શેઠ. ૧
ખલક પ્રસિદ્ધ ખડાયતા રે, દસા દાના કહેવાય,
વણિક વેપારી શેઠીઆ, ગુણિયલ ગૃહસ્થ ગણાય. શેઠ. ૨
સખાવતીની સૃષ્ટિમાંરે, ખોટ જાણી અપાર;
દુઃખી દીલે જેથી દાખવું, વિરો વિરણ ચિતાર. શેઠ. ૩
શાબાસી સારી મેળવીરે, દેશ અને પરદેશ;
પેઢી ચલાવી પરીખની, અધિક આણી ઉજેસ.
સાહેબ બાપાલાલભાઈ કરે ...

સદાચરણી મહા સાત્વકી, હિમત બહાદુર હોંસિયાર. શેઠ. ૫
વડીલો જેવી વિશ્વમાંરે, સારી વરી સુવાસ;
મર્તબો મોટો પામિયા, લાયકી આણી લબાસ. શેઠ. ૬
વર્ષો ચલાવ્યો વડીલનોરે, હીમત રાખી બહુ ઉર,
મીલનસાર સ્વભાવથી, હવા મેદની મશહુર. શેઠ. ૭
સખાવતી હવા શેઠજીયે, પુણ્યશાળી પવિત્ર;
સદાચરણથી ચાલીઆ, નિર્મળ રાખી સુનીત. શેઠ. ૮
મુનીમપણુ તેમના મહામતીરે, બહાદુર બાપાલાલભાઈ;
સરવવાતે શેઠની, છટા કીરતી છાઈ. શેઠ. ૯
તપાસ રાખી તન મનથીરે, વરત્યો વટ વહેવાર;
પ્રથમથીજ પેઢી તણો, કરતા આવે કારભાર. શેઠ. ૧૦
અત્યાર સુધી યશ મેળવ્યોરે, સબળ રાખી સંભાળ;
તરૂણ હતા શેઠ ત્યારથી, આવવા દીધી ન આળ. શેઠ. ૧૧
ઉદાર દીલના ઉપજ્યરો, ધર્મ ધુરંધર ધીર;
સુધારક હવા શેઠજી, વિદ્યા વિશારદ વીર. શેઠ. ૧૨
ગર્વ ધર્યો ન ગર્ભ શ્રીમંતોનોરે, વિદ્યા વિવેકી વેણ;
અફસોસ અથેગ્છ ઉમરે ગયા, કરવું કથ્યું ન કેણ. શેઠ. ૧૩
તરૂણ પણે ત્યારી કરીરે, મોઘી મુકી સુદેહ;
બાપલાલ આદ્યે બહુ તણો, તોડી સબળ સનેહ. શેઠ. ૧૪
સાહેબો સદ્ગૃહસ્થોમાંરે, મોહું મેળવ્યું માન;
એથી ઉચીત ઉરધારીને, વદાય વિરહ બયાન. શેઠ. ૧૫

વિરહ સંતાપ.

માઠી ખબર મણિલાલનીરે, સુણી ગામ પરગામ;
સંતાપ કરે સૌ સેઠીઆ. ખડાયતા તમામ, શેઠ. ૧૬
... શહેર ગામોનોરે, ચરચાય ચિતાર;
...ઓસ ધરનાર. શેઠ. ૧૭

ખેદ જનક ખડાલ કપડવંજનારે, વણીક વેપારી લોક,
આતરસુંબા આંત્રોલી ડાકોરના, સર્વ કરે છે સોક; શેઠ. ૧૮
તોરણા આદ્યે તમામ ગામમતારે, ઉદાશ હુવા અપાર;
વર્ણાય નહી વિગતે કરી, સોકજનક સંસાર. શેઠ. ૧૯
સોકનો સિંધુ રેલીયોરે, અમદાવાદ શેહેર મોઝાર;
બારે બજારે ને ચોકમાં, હાટે પાડી હરતાર. શેઠ. ૨૦
શોકજનક હુવા શેહરનારે, અધિપતીને અમીર,
સદ્‌ગૃહસ્થ મોટા શેઠિયા,શ્રવ્યાં સર્વેને નીર. શેઠ. ૨૧
ખેદ જનક ખડાયતા નાતનારે, હરેક હુવા અપાર;
વૃદ્ધ જુવાનને બાળકો, શ્રવે આંસુની ધાર. શેઠ. ૨૨
ભાઈલાલભાઇ ભાણેજનોરે, વિસર્યો ન વિયોગ;
તેવામાં આ ત્રાસનો, બુરો બન્યો સંજોગ. શેઠ. ૨૩
વસંત શેઠાણીને વહેરે. આંખે આંસુની ધાર;
કલ્પાંત કરે બહુ કંથનું, ચરચ્યો જાય ન ચીતાર. શેઠ. ૨૪
ધન લક્ષ્મી શેઠાણી ધણી જતાંરે, ઘણાં હુવાં ગમગીન;
ચોધારાં આંસુ ચુવે, દુઃખમાં કાઢતાં દીન. શેઠ. ૨૫
ઉભય શેઠાણીને હતુંરે, દેહ કરવો જ દુર;
પ્રતાપી પતીના પ્રયાણથી, એમ અકળાય ઉર. શેઠ. ૨૬
મુનીમ મહા અફસોસમાંરે, બુદ્ધમાન બાપાલાલભાઇ;
શેઠ વિના સુના ફરે, ઘણા ગયા અકળાઈ. શેઠ. ૨૭
ગુણિલ ગુમાસ્તા શેઠનારે, ગમી માંહે ગરકાવ;
હરબડી ગયા હૈયા વિશે, બુરો જોઇ બનાવ. શેઠ. ૨૮
સુરજ બેહેન બહુ શોકમાંરે, શ્રવે શ્રાવણ નીર;
વિલાપ કરે વિધ વિધના, વિસરે નહી વીર. શેઠ. ૨૯
સુરજ બેનને શીરેરે, દુઃખનાં ઉગ્યાંરે ઝાડ;
ગણેશલાલ, ચમનલાલને, કોઠ

માણેકલાલ મામા તણોરે, અતિકરે અફસોસ
દીલાસ્યે દીલ તેમનાં, ખરે રહે ન ખામોશ. શેઠ. ૩૧
ચમનલાલભાઈ ચિતમાંરે, અતિ હતા ઉદાસ;
સંભારી સંભારી શેઠને, બહુ થાય ઉદાસ. શેઠ. ૩૨
આદ્યે સગાં અફસોસથીરે, અતિ કરે આક્રંદ;
દલગીર હતું બહુ દીલમાં, વિવેકી નાતનું વૃંદ. શેઠ. ૩૩
સહન થાય ન સાંભળીરે, સુંદરીઓના સંતાપ.
પથરતો ફાટી પડે, એવા વિધવિધ વિલાપ શેઠ. ૩૪
ભાદરવા વદ પાંચમેરે, કુડો હતોજ કાળ;
શોક જનક સતાવનની હતી, વીર વિક્રમની સાલ. શેઠ. ૩૫
ચમનલાલ વગરે ચંગપોળનારે. હતા ઉદાસી ઉર;
સોનીને વળી શેઠીયા, માંડા જોઈ મચકુર. શેઠ. ૩૬
સ્મર્ણાર્થે શેઠનારે, શ્રાદ્ધ કીધાં પુણ્ય;
ચોરાશી આદ્યે ચાહાતાં ઘણાં, નેક રાખી ન ન્યુન્ય. શેઠ. ૩૭
ગોળમાંથી ગળપણ ગયું રે, તજ્યો સાકરે સ્વાદ,
ખટરસો ખારા હતા, વડો હતો વિશાદ. શેઠ. ૩૮
જગતી માંહે જડે નહિ રે, જસિ શેઠની જોડ;
ઉપજે નહી આવા ફરી, લાગી ખલકને ખોડ. શેઠ. ૩૯
ઉપકારી કામો કરી આવિયારે, શેઠ સ્વર્ગ મોઝાર:
જેથી કરી જગના પતી, એમનો કરજો ઉદ્ધાર. શેઠ. ૪૦
અક્ષય સુખ હરી આપજોરે, કોટી બ્રહ્માંડના નાથ.
મણિલાલ શેઠને મહાપ્રભુ, સદૈવ રાખજો સાથ. શેઠ. ૪૧
કૃપાળુ શેઠના કાળથીરે, શોકજનક શિવરાજ;
રતન ગયું રાજ્યનગર તણું, જાણનાર દેશની દાજ. શેઠ. ૪૨
શોક સમાવો સર્વનોરે, દારૂણ કાપી આ દુઃખ;
સોહરાવજ્યો સુખ. શેઠ. ૪૩

विज्ञापना.

આ ચોપડી અમદાવાદમાં ખાડિયામાં દેસાઈની પોળમાં બારોટ. શીવલાલ ખુશાલભાઈ (જે ધરમપુરના મહા રાણાશ્રી નારાયણ દેવજીનુ વિરહ ચરિત્ર, રાધનપુરના નામદાર નવાબશ્રી બિસ્મીલ્લાખાનજીનો વિરહ, કચ્છ દીવાનશ્રી રા. બા. મોતીલાલ લાલભાઇની દીકરીનું વિવાહ વર્ણન, જુનાગઢના માજી દીવાન. રા. બા. દેશાઈશ્રી હરિદાસ વિહારીદાસ વિરહ રા. સા. ચીનુંભાઇ માધવલાલનાં માતુશ્રી બાઈશ્રી રેવાબા વિરહ, નાંદોદ નૃપતી પ્રકાશ, પાલનપુરના મહા ખાનશ્રી શેરમહંમદ ખાનજી દીવાન સાહેબશ્રીનો ઈલકાબોત્સવ, સોળંકીનું નાટક,) વિગેરે પુસ્તકો રચનારને ત્યાંથી મળશે.

કવિ. શીવલાલ ખુશાલભાઈ બ્રહ્મભટ.

ગ્રંથ કર્ત્તા.